# રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025માં ગુજરાતનું ગૌરવ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં અભ્યાસ કરતી અને દાહોદ જિલ્લાની રાષ્ટ્રીય યુવાવક્તા કુમારી રાજવી વિજયકુમાર કડિયા એ રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025 અને SOUL લીડરશિપ કૉન્ક્લેવ 2025(ગ્લોબલ લીડરશીપ કોન્કલેવ) માં ગુજરાતનું અને સમગ્ર ભારતનું ગૌરવ વધાર્યું છે.

રાષ્ટ્રીય યુવા મહોત્સવ 2025માં ગુજરાતનું ગૌરવ

11-12 જાન્યુઆરી, 2025 દરમિયાન નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાયેલા "વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ" માં રાજવી કડિયાએ "એન્કર" તરીકે તથા ડિક્લેમેશન સ્પર્ધા માં ગુજરાતમાં ટોચના 2 સર્વશ્રેષ્ઠ વક્તાઓમાં સ્થાન પ્રાપ્ત કર્યા બાદ રાષ્ટ્રીય મંચ પર ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું. સમગ્ર ભારતમાંથી 800થી વધુ વક્તાઓમાંથી શ્રેષ્ઠ 20માં સ્થાન મેળવવા સાથે, રાજવી એ PM શ્રી નરેન્દ્ર મોદી, મંત્રીઓ અને દેશના ટોચના નિષ્ણાતોની ઉપસ્થિતિમાં યુવાનોના વિચારોને પ્રસ્તુત કર્યા.

SOUL Leadership Conclave 2025 – નીતિ-નિર્માણમાં ગુજરાતની દીકરી રાજવી નો અવાજ

21-22 ફેબ્રુઆરી 2025, નવી દિલ્હી – ભારત મંડપમ:
ભારતના શ્રેષ્ઠ 200 યુવા નેતાઓમાં સામેલ થઈ, SOUL Leadership Conclave 2025 માં રાજવી કડિયાએ પ્રતિનિધિત્વ કર્યું. આ ઐતિહાસિક કૉન્ક્લેવમાં PM શ્રી નરેન્દ્ર મોદી, ભૂટાનના PM દાશો શેરિંગ તોબગે, ઉદ્યોગપતિ સુનીલ ભારતી મિત્તલ, ગ્રાન્ડમાસ્ટર ડી. ગુકેશ અને અન્ય ટોચના વિશિષ્ટ વ્યક્તિત્વો એ ભાગ લીધો.

વિશેષત્વે, રાજવી કડિયાને "Viksit Bharat Young Leaders Dialogue" ની એમ્બેસેડર તરીકે પસંદ કરવામાં આવ્યા છે, જ્યાં તેઓ વિશ્વસ્તરે મહિલા સશક્તિકરણ અને વિકાસ માટે 24 રાઉન્ડ ટેબલ નીતિ ચર્ચાઓમાં યોગદાન આપશે.

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના તમામ  વિદ્યાર્થીઓ માટે તેમની સફર એક પ્રેરણારૂપ બની રહેશે અને ભવિષ્યમાં વધુ વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય મંચ પર ચમકે તે માટે પ્રેરણા પુરવાર થશે.

युवा कार्यक्रम एवं खेल मंत्रालय
MINISTRY OF YOUTH AFFAIRS AND SPORTS






SOUL
SCHOOL OF ULTIMATE LEADERSHIP

LEADERSHIP CONCLAVE 2025





VIKSIT BHARAT Young Leaders Dialogue
NATIONAL YOUTH FESTIVAL 2025

Certificate of Leadership

This certificate has been awarded to

**Kadiya Rajvi Vijaybhai**

for your remarkable participation at the
*Viksit Bharat Young Leaders Dialogue*
at Bharat Mandapam, Delhi, 10th to 12th January 2025.
***Continue to lead with innovation as we traverse this journey towards Viksit Bharat together.***

Dr. Mansukh Mandaviya
Union Minister of
Youth Affairs and Sports